પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૯-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દિલ્હીના દારૂકાંડમાં EDની એન્ટ્રી/દિલ્હી, યુપી પંજાબમાં દરોડા, દારૂના વેપારીઓ નિશાના પર

નવીદિલ્હી,

દિલ્હીના દારૂ કૌભાંડમાં દરોડા ચાલી રહ્યા છે. આજે મંગળવારે ઈડીએ દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ૩૦ સ્થળો પર દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીના નિશાના પર દારૂના વેપારીઓ છે. જો કે ઈડીના દરોડામાં દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાનું ઘર સામેલ ન હતું તપાસ એજન્સીએ મેસર્સ ઈન્ડો સ્પિરિટ્સના એમડી સમીર મહેન્દ્રુના ઠેકાણા પર પણ દરોડા પાડ્યા છે. તે દિલ્હીના જોરબાગ વિસ્તારમાં રહે છે. તેમના પર મેસર્સ રાધા ઈન્ડસ્ટ્રીઝના રાજેન્દ્ર પ્લેસ ખાતે યુકો બેંકના ખાતામાં રૂ. ૧ કરોડ ટ્રાન્સફર કરવાનો આરોપ છે. ઈઙીએ દિલ્હી ઉપરાંત ગુરુગ્રામ, લખનૌ, હૈદરાબાદ, મુંબઈ અને બેંગ્લોરમાં દરોડા પાડ્યા છે.



વાસ્તવમાં દિલ્હીની કેજરીવાલ સરકાર નવી દારૂની નીતિ લાવી હતી. આ પોલિસી લાગુ થયા બાદ દિલ્હીના દારૂના વેપારીઓ ગ્રાહકોને રાહત દરે દારૂનું વેચાણ કરતા હતા. ઘણી જગ્યાએ એક બોટલ ખરીદવા પર બીજી બોટલ મફત આપવામાં આવી રહી હતી. તપાસ એજન્સીએ આ પોલિસીમાં કૌભાંડ હોવાનો દાવો કર્યો છે.

દારૂ કૌભાંડમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે. તેને આ કેસમાં મુખ્ય આરોપી બનાવવામાં આવ્યો છે. દારૂ કૌભાંડ કેસમાં સીબીઆઈએ તેમની લાંબા સમય સુધી પૂછપરછ પણ કરી હતી. સીબીઆઈની ટીમે ડેપ્યુટી સીએમના ઘરેથી ગુપ્ત દસ્તાવેજો પણ રિકવર કર્યા છે.

દિલ્હીમાં એક્સાઈઝ પોલીસી પર આપ સરકારની મુશ્કેલીમાં કોઈ ઘટાડો નથી થઈ રહ્યો. હવે ઈઙીએ આ મામલે મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો છે. હાલમાં ૩૦ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે.આજે દિલ્હી સહિત ૭ અલગ-અલગ શહેરોમાં દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ દરોડા કેટલાક દારૂના વેપારીઓ અને ભૂતપૂર્વ એક્સાઈઝ અધિકારીઓના ઘરો પર પાડવામાં આવી રહ્યા છે. જે લોકોના નામ સીબીઆઈની એફઆઈઆરમાં નોંધાયેલા છે તેમના પર દરોડા પાડવામાં આવ્યા હતાં જોકે, આ એફઆઈઆરમાં મનીષ સિસોદિયાનું નામ છે પરંતુ તેમના ઘરે

### પહેલા તેમણે સીબીઆઈના દરોડા પાડ્યા તેમાં કંઈ ન મળ્યું તો હવે ઈડી દરોડા પાડશે પરંતુ એમાં પણ કશું નહીં મળશે : મનીષ સિસોદિયા

દરોડાના કોઈ સમાચાર નથી મળ્યા. મનીષ સિસોદિયાએ ઈડીના દરોડા પર નિવેદન આપ્યું છે કે, પહેલા તેમણે સીબીઆઈના દરોડા પાડ્યા તેમાં કંઈ ન મળ્યું તો હવે ઈડી દરોડા પાડશે પરંતુ એમાં પણ કશું નહીં મળશે. દેશમાં જે શિક્ષણનો માહોલ બની રહ્યો છે, અરવિંદ કેજરીવાલજી જે કામ કરી રહ્યા છે તેને તોડવાનું કામ થઈ રહ્યું છે પરંતુ તેને રોકી શકાશે નહીં. સીબીઆઈ યુઝ કરો કે, ઈડી યુઝ કરો પરંતુ શિક્ષણના કામના રોકી શકાશે નહીં.

એન્ફોર્સમેન્ટ વિભાગે દિલ્હી, એનસીઆર ઉપરાંત લખનૌ અને ઉત્તરપ્રદેશના અનેક શહેરો, પંજાબ, હરિયાણા, તેલંગાણા અને મુંબઈમાં અલગ અલગ ટીમો દરોડાની કાર્યવાહી કરી છે. ઈડીના સુત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં શરાબના વ્યાપારી સાથે જોડાયેલા આ પ્રકરણમાં બેંગ્લોર અને હૈદરાબાદમાં અલગથી તપાસ ચાલુ છે. દિલ્હીના શરાબ ગોટાળામાં પ્રથમ વખત ઈડી એકશનમાં આવી છે.

આ અગાઉ સીબીઆઈએ મનીષ સીસોદીયાના નિવાસ પર દરોડા પાડ્યા હતા તથા તેના લોકરો પણ સીલ કર્યા હતા. જો કે સીસોદીયાને ત્યાં આ તપાસમાં શું બહાર આવ્યું તે અંગે હજુ કોઈ સતાવાર માહિતી આપવામાં આવી નથી અને સીસોદીયાએ દાવો કર્યો છે કે સીબીઆઈ ખાલી હાથે પાછી ગઈ છે. ફકત મારો મોબાઈલ અને લેપટોપ સાથે લઈ ગઈ છે.


દિલ્હીમાં નવી શરાબ નીતિ અંગે જબરો વિવાદ સર્જાયા બાદ કેજરીવાલ સરકારે તે રદ કરીને જૂની શરાબ નીતિ અમલી બનાવી હતી. અને હવે તે અંગે પણ નવો વિવાદ સર્જાયો છે. આ અગાઉ ગઈકાલે ભાજપે કહેવાતા એક સ્ટીંગમાં શરાબના કારોબારીના એવા દાવાને રજૂ કર્યો હતો કે દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારે શરાબ નીતિમાં કમિશન મેળવ્યું હતું.

દિલ્હીની એકસાઈઝ પોલીસીને લઈને ભાજપ અને આપ વચ્ચે પહેલાથી જ તણાવ ચાલું છે. એક તરફ બીજેપી આરોપ લગાવી રહ્યું છે કે, આમ આદમી પાર્ટીએ નવી એક્સાઈઝ પોલીસીમાં ખૂબ કમાણી કરી છે. ભાજપે તેને લઈને એક સ્ટીંગ ઓપરેશન પણ કર્યું હતું જો કે આમ આદમી પાર્ટી બીજેપીના આ આરોપને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે કંઈ ખોટું કરવામાં આવ્યું નથી.

## રખડતા ઢોરની સમસ્યા : છાણની ખરીદી શરૂ થતા એકાદ વર્ષમાં પ્રશ્નનો ઉકેલ આવશે : પરષોત્તમ રૂપાલા

અમદાવાદ,

રખડતા ઢોરની અડફેટે થતા અકસ્માત અને મૃત્યુને લઈને જનતામાં રોષ છે તો બીજી તરફ રખડતા ઢોર પકડવાની કામગીરી સામે માલધારી સમાજમાં આક્રોશ છે. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ રખડતા ઢોર મુદ્દે નિવેદન આપ્યુ કે પશુઓના છાણ અને મૂત્રની ખરીદી શરૂ થતા રખડતા ઢોર ઉપયોગી બનતા લોકો તેને સાચવવા લાગશે. બનાસ ડેરીએ પશુઓનું છાણ ખરીદવાનું શરૂ કરતા પશુપાલકોને ફાયદો થયો છે. આ અંગે કેન્દ્ર સરકાર પણ એક



મહત્વની પોલિસી જાહેર કરવાની તૈયારીમાં છે. જે બાદ એકાદ વર્ષમાં રખડતા ઢોરનો પ્રશ્ન હલ થઈ થવાની આશા છે તેમ રૂપાલાએ જણાવ્યુ હતુ.

ગુજરાતમાં ગોબરની વ્યાપક ખરીદી થઈ શકે અને તેનો ઉપયોગ સારામાં સારી રીતે થઈ શકે એ દિશાના પ્રયાસો ભારત સરકાર અને રાજ્ય સરકાર અસરકારક રીતે અમલમાં આવે તેના માટે કરી રહી છે. આના માટે બનાસકાંઠાની ભાભર ડેરીની સાથે પ્રાઈવેટ એન્ટરપ્રેન્યોર દ્વારા એમઓયુ પણ કરી લેવામાં આવ્યા છે રૂપાલાએ જણાવ્યુ છે. અત્યારે ગોબર ૨ રૂપિયા કિલો ખરીદી શકાય તેવી પણ એક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

સુઝુકી કંપની ગેસ બનાવવા માટે ગોબર આધારિત કંપની શરૂ કરશે અને તેના ગેસ સ્ટેશનો સ્થાપવા માટેની એક યોજના લઈને આવી છે. જેનુ પીએમ મોદીએ ગયા મહિને જ ઉદ્દ્ઘાટન કર્યુ છે. રાજ્યમાં ગોબરની ખપત વધશે, તેની કિંમત વધશે તો ગૌમૂત્રની કિંમત વધશે અને એકાદ વર્ષની અંદર તેના પરિણામો પણ સામે આવશે. પશુઓના ગોબરની ઉપયોગિતા સામે આવતા જ રખડતા ઢોરને બદલે પાલતુ ઢોરની હરોળમાં આવી જશે અને રખડતા ઢોરની સમસ્યાનું પણ નિરાકરણ થવાની પુરેપુરી શક્યતા છે તેમ પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યુ છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શેખ હસીના સાથે બેઠક કરી, ભારત-બાંગ્લાદેશ વચ્ચે મહત્વના કરાર પર સહિ સિક્કા કરાયા

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સાથે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે અનેક મહત્વના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. બંને દેશોએ આઈટી, અંતરિક્ષ, અને ન્યૂક્લિયર એનર્જી જેવા સેક્ટરમાં પણ સહયોગ વધારવાનું નક્કી કર્યું. અત્રે જણાવવાનું કે બાંગ્લાદેશના પીએમ શેખ હસીના ચાર દિવસના ભારત પ્રવાસે છે.



પીએમ નરેન્દ્ર મોદીની અને બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સાથે મુલાકાત બાદ એક જોઈન્ટ સ્ટેટમેન્ટ પણ ઈશ્યું કરવામાં આવ્યું. પીએમ મોદીએ કહ્યું કે આજે બાંગ્લાદેશ ભારતનું સૌથી મોટું વિકાસ ભાગીદાર છે અને આ ક્ષેત્રમાં આપણું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. લોકો વચ્ચે સહયોગમાં સતત સુધારો થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમે આઈટી, અંતરિક્ષ, ન્યૂક્લિયર એનર્જી જેવા સેક્ટરમાં પણ સહયોગ વધારવાનો નિર્ણય કર્યો. તેમણે વધુમાં કહ્યું કે ગત વર્ષ અમે બાંગ્લાદેશની સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠ, અમારા ડિપ્લોમેટિક સંબંધોની સુવર્ણ જયંતી, શેખ મુજીબુર્રહમાનની જન્મ શતાબ્દી એક સાથે ઉજવી હતી. મને વિશ્વાસ છે કે આગામી ૨૫ વર્ષના અમૃત કાળમાં ભારત-બાંગ્લાદેશની મિત્રતા નવી ઊંચાઈએ સ્પર્શશે.

પીએમ મોદીએ કહ્યું કે આજે અમે કુશિયારા નદીથી જળ વહેંચણી પર એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેનાથી ભારતમાં દક્ષિણ અસમ અને બાંગ્લાદેશમાં સિલહટ ક્ષેત્રને લાભ થશે. એવી ૫૪ નદીઓ છે જે ભારત-બાંગ્લાદેશ સરહદેથી પસાર થાય છે અને સદીઓથી બંને દેશોના લોકોની આજીવિકા સાથે જોડાયેલી છે. આ નદીઓ તેમના વિશે લોકવાર્તાઓ, લોકગીત, અમારા સંયુક્ત સાંસ્કૃતિક વારસાના પણ સાક્ષી રહ્યા છે.

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ કહ્યું કે આગામી ૨૫ વર્ષો માટે અમૃત કાળની શુભકામનાઓ આપું છું, કારણ કે ભારત આત્મનિર્ભર ભારત માટે કરાયેલા પ્રસ્તાવોને પ્રાપ્ત કરવા તરફ અગ્રેસર છે. હું ભારત લગભગ ૩ વર્ષ બાદ આવી રહી છું, હું ભારતનો આભાર માનું છું અને અમારી વચ્ચે આગળ એક સકારાત્મક પ્રસ્તાવોની અપેક્ષા કરું છું.

આ પહેલા ભારત મુલાકાતે આવેલાં બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીનાની રિસેપ્શન સેરેમની રાષ્ટ્રપતિ ભવનમાં કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને રાષ્ટ્રપતિ ભવનમાં રિસીવ કર્યા હતા. શેખ હસીના ૮ સપ્ટેમ્બર સુધી ભારતની મુલાકાતે છે. રાષ્ટ્રપતિ ભવનમાં બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું, જ્યારે લિબરેશન વોર થઈ, અમારા દેશે જ્યારે સ્વાધીનતા મેળવી ત્યારે ભારત અને અહીંના લોકોએ અમારો સાથ આપ્યો, સપોર્ટ કર્યો. એ માટે હું હંમેશાં ભારતની આભારી રહીશ.

રાષ્ટ્રપતિ ભવનમાં શેખ હસીનાએ કહ્યું- ભારત અમારું મિત્ર છે. ભારત આવવાનું હંમેશાં પસંદ છે, કારણ કે તે મને હંમેશાં યાદ અપાવે છે કે આ દેશે બાંગ્લાદેશની આઝાદીમાં ખૂબ મદદ કરી હતી. અમારા મૈત્રી સંબંધો છે અને અમે હંમેશાં એકબીજાને મદદ કરીએ છીએ. તેમણે વધુમાં કહ્યું હતું કે અમારું મુખ્ય ફોક્સ અમારા લોકોની વચ્ચે સહયોગ વધારવો, ગરીબી ખતમ કરવી અને ઈકોનોમી સુધારવાનો છે. આ મુદ્દાઓને સાથે રાખીને અમે બંને દેશ કામ કરી રહ્યા છીએ. આનાથી ભારત-બાંગલાદેશ જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાના લોકોનું જીવનધોરણ સુધરશે.

બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ મારફત ચીન બાંગ્લાદેશ અને નેપાળ જેવા નાના દેશોમાં વિસ્તરણ કરી રહ્યું છે. ચીન દેવાંના રૂપમાં ગરીબ દેશોમાં ઘણું રોકાણ કરે છે. પરંતુ જ્યારે આવક ઊભી થતી નથી ત્યારે ગરીબ દેશો ચીનના દેવાં હેઠળ દબાઈ જાય છે. આવું જ શ્રીલંકામાં થયું. શ્રીલંકા દેવાંમાં ડૂબી ગયું અને આખરે નાદાર થઈ ગયું. તેના પર બાંગ્લાદેશના પીએમએ કહ્યું- અમારી અર્થવ્યવસ્થા હજુ પણ મજબૂત છે. કોરોના સમયગાળો, રશિયા-યુક્રેન યુદ્ધની અસર થઈ છે, પરંતુ બાંગ્લાદેશ હંમેશા સમયસર લોન ચૂકવે છે. અમારો ડેબિટ દર ઘણો ઓછો છે.તેમણે ભારતને બાંગ્લાદેશનો 'ટેસ્ટેડ ફ્રેન્ડ' ગણાવ્યું હતું. તેમણે કહ્યું- ભારતે મૈત્રી પ્રોગ્રામ હેઠળ બાંગ્લાદેશમાં રસીના ઘણા કન્સાઈનમેન્ટ મોકલ્યા છે. આ પણ પ્રશંસનીય છે. તેમણે પાડોશી દેશો વચ્ચે મજબૂત સહયોગ જાળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મતભેદો હોઈ શકે છે, પરંતુ તેમને વાતચીત દ્વારા ઉકેલવા જોઈએ.

## દેશભરમાં ગુજરાતમાં સૌથી વધુ કેસોની ટ્રાયલ પેન્ડીંગ

નવીદિલ્હી,

ગુનાની ઝડપી તપાસમાં ગુજરાત પોલીસ સમગ્ર દેશમાં ભલે મોખરાનું સ્થાન ધરાવતી હોય પરંતુ પેન્ડીંગ ટ્રાયલ ધરાવતા કેસોમાં પણ ગુજરાતનું સ્થાન ટોચ પર છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૨૩૩૫૦૨૯ કેસોની ટ્રાયલ પેન્ડીંગ છે અને પેન્ડીંગ દર ૯૦.૭ ટકા છે.

૨૦૧૯માં ૧૦૪૪૭૩૨ કેસોમાં ટ્રાયલ પેન્ડીંગ હતી અને પેન્ડીંગ રેટ ૯૨.૪ ટકા હતો. જ્યારે આરોપીને સજા થતી હોય તેવા કેસોનો દર ૪૫.૬ ટકા હતો. ૨૦૧૯માં અદાલતે ૮૫૩૨૪ કેસોનો નિકાલ કર્યો હતો. ટ્રાયલ પેન્ડીંગના કેસોની દ્રષ્ટિએ ૨૦૧૯માં ગુજરાતનું સ્થાન ૫મું હતું અને મહારાષ્ટ્ર ૧૬૯૩૯૬૦ કેસો સાથે ટોચ પર હતું. પશ્ચીમ બંગાળ ૧૨૨૫૮૩૮ પેન્ડીંગ ટ્રાયલના કેસો સાથે બીજા ક્રમે હતું. ગુજરાતમાં ૨૦૨૦માં પેન્ડીંગ ટ્રાયલના કેસો વધીને ૧૩૭૨૧૪૯ થયા હતા.

જ્યારે પેન્ડીંગ રેટ ૯૭.૩ ટકા રહ્યો હતો. આ વખતે ગુજરાતનો ક્રમ ૩જો હતો. અદાલતોમાં ૩૭૯૫૫ કેસોનો નિકાલ થયો હતો. પરંતુ ૩૬૫૪૧૨ નવા કેસો ઉમેરાયા હતા. ૨૦૨૧માં પેન્ડીંગ ટ્રાયલ કેસોની સંખ્યા એકાએક વધીને ૨૩૩૫૦૨૯ થઈ ગઈ હતી જેમાં દોષિત દર ૪૧.૨ ટકા અને પેન્ડીંગ ટકાવારી ૯૦.૭ ટકાએ પહોંચી હતી.

આ વર્ષે ૪.૬૪ લાખ નવા કેસો ટ્રાયલમાં ઉમેરાયા હતાં. ૨૩૮૦૨૫ કેસોનો નિકાલ થયો હતો. સરકારી વકીલ અનિલ દેસાઈના કહેવા પ્રમાણે કોવિડ મહામારીને કારણે પેન્ડીંગ ટ્રાયલ કેસોની સંખ્યા વધી હોવાનું માની શકાય તેમ છે. કારણ કે કોવિડ કાળ દરમિયાન અદાલતો પણ થોડો વખત બંધ રહી હતી. ત્યારબાદ ઓનલાઈન કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. આ દરમિયાન મહત્વના કેસોને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું એટલે કેસોનો બેકલોગ સર્જાયો છે.

## બિલકિસ બાનો કેસ : આરોપીઓની મુક્તિ મામલે ૯મી સપ્ટેમ્બરે સુપ્રિમમાં સુનાવણી



નવીદિલ્હી,

ગુજરાત રમખાણો સમયે બિલકિસ બાનો નામની ગર્ભવતી મહિલા પર ગેંગરેપ ગુજારનારા અપરાધીઓને ગુજરાત સરકારે ૧૫મી ઓગસ્ટના રોજ જેલમાંથી મુક્ત કરતા આ મામલો ફરી ગરમાયો છે. ગુજરાત સરકારના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો અને ઓગસ્ટના અંતિમ સપ્તાહે સુપ્રીમ કોર્ટના તે સમયના મુખ્ય ન્યાયાધીશ એનવી રમણે કહ્યું છે કે અમે આ અરજીની સુનાવણી કરવા અંગે વિચારીશું.

આજે મળતી માહિતી પ્રમાણે સુપ્રિમ કોર્ટે આ અરજીનું લિસ્ટિંગ કર્યું છે અને કેસને ૯મી સપ્ટેમ્બરની તારીખ આપવામાં આવી છે. ૨૫મી ઓગસ્ટે ૩ જજોની બેંચે આરોપીની મુક્તિ સામે કરેલ અરજીની સુનાવણી માટે તૈયારી દર્શાવી હતી અને આજે કોર્ટે ૯મી સપ્ટેમ્બરે સુનાવણી હાથ ધરાશે તેમ કહ્યું છે.

ગુજરાત સરકારના અપરાધીઓને છોડી મુકવાના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટના વકીલ કપિલ સિબ્બલ અને અપર્ણા ભટ દ્વારા કરવામાં આવી છે. ગોધરાકાંડ બાદ ગુજરાતમાં કોમી હિંસા ફાટી નીકળી હતી, જે દરમિયાન બિલકિસ બાનોના પરિવારના સાત લોકોની હત્યા કરી દેવામાં આવી હતી. જ્યારે બિલકિસ બાનો તે સમયે ગર્ભવતી હતી, છતા તેના પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૮માં બધા જ ૧૧ અપરાધીઓને ઉમર કેદની સજા આપવામાં આવી હતી.

આ અપરાધીઓએ ૧૫ વર્ષ જેટલો સમય જેલમાં વિતાવ્યો હતો. હાલમાં ૧૫મી ઓગસ્ટના રોજ અચાનક જ ગુજરાત સરકારે આ અપરાધીઓને જેલમાંથી છોડી મુક્યા હતા. જેને પગલે ગુજરાત સરકારના આ નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે.

## ખાનગી હોસ્પીટલો 'ધંધો' કરે છે: સરકારી સુરક્ષા મળી શકે નહી : સુપ્રીમ

નવી દિલ્હી,

દેશમાં તબીબો પર દર્દીઓના કે તેમના સગાસંબંધીઓના વધતા જતા હુમલામાં એક તરફ કેન્દ્ર સરકારે આકરુ તબીબ- સુરક્ષા કાનૂન અમલમાં મુકયા છે પણ ખાનગી હોસ્પીટલો કે નર્સીંગ હોમને સરકારી સુરક્ષા પુરી પાડવાની એક રીટ અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે.



સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ એસ.કે.કૌલની ખંડપીઠે આ પ્રકારે ખાનગી હોસ્પીટલ અને નર્સીંગ હોમને કેન્દ્ર કે રાજય સરકાર સુરક્ષા પુરી પાડી શકે નહી તેવું સ્પષ્ટ જણાવતા જણાવ્યું કે ખાનગી હોસ્પીટલો એક વ્યાપારની માફક ચાલે છે.

તેઓને સરકારી સુરક્ષા મળી શકે નહી. સર્વોચ્ચ અદાલતે સીધો પ્રશ્ન્ન પૂછયો હતો કે દેશભરની ખાનગી હોસ્પીટલો અને નર્સીંગ હોમ તથા તબીબ સહિતના સ્ટાફને કઈ રીતે સરકાર સુરક્ષા પુરી પાડી શકે?

દિલ્હી મેડીકલ એસો. દ્વારા કરવામાં આવેલી અરજીમાં જણાવ્યું હતું કે તબીબો અને આરોગ્ય સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓ પર હુમલા સામાન્ય બની ગયા છે અને તેઓને યોગ્ય સુરક્ષાની જરૂર છે પણ સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે મોટા શહેરોમાં દરેક માર્ગો પર હોસ્પીટલ-નર્સીંગ હોમ હોય છે. કઈ રીતે તમો આ તમામને સરકાર સુરક્ષા પુરી પાડી શકે!

તમો ખાનગી વ્યાપાર, ધંધા માટે સરકારી સુરક્ષાની અપેક્ષા રાખી શકો નહી. સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યુ કે તબીબો કે મેડીકલ સ્ટાફ પરના હુમલા એ અસ્વીકાર્ય છે અને તે માટે એક સીસ્ટમ છે. જેના મારફત આ પ્રકારના હુમલાખોરો સામે કામ ચલાવી શકાય છે. સરકારી હોસ્પીટલોને સુરક્ષા એ સરકારનો નિર્ણય છે.

અદાલત તેમાં દરમ્યાનગીરી કરી શકે નહી. સુપ્રીમ કોર્ટે ખાનગી એકમોને સલામતી વ્યવસ્થા માટે કહી શકે નહી. ઉપરાંત ખાનગી હોસ્પીટલોને કેવી સુરક્ષા હોવી જોઈએ તે પણ અમો જણાવી શકીએ નહી.

## દિલ્હીમાં ૧૨૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું, આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા પૈસા ખર્ચવાના હતા

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હીમાં નાર્કો-ટેરર પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે ૧૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. મોટી વાત એ છે કે આ ડ્રગ્સ વેચીને આવતા પૈસાનો ઉપયોગ ભારત વિરુદ્ધ આતંકવાદી ગતિવિધિઓમાં થવાનો હતો. ડ્રગ્સ જપ્ત કરવાની સાથે પોલીસે બે અફઘાન નાગરિકોની પણ ધરપકડ કરી છે. ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ સૌપ્રથમ તમિલનાડુની રાજધાની ચેન્નઈથી ઉત્તર પ્રદેશના લખનઉ અને ત્યાંથી દિલ્હી લાવવામાં આવ્યું હતું.

આ ડ્રગ્સ દિલ્હીથી હરિયાણા, પંજાબ, હિમાચલ અને રાજસ્થાનમાં સપ્લાય થવાનું હતું. જપ્ત કરાયેલા ડ્રગ્સમાં ૩૧૨.૫ કિલો મેથામ્ફેટામાઈન અને ૧૦ કિલો સારી ગુણવત્તાના હેરોઈનનો સમાવેશ થાય છે.

બે દિવસ પહેલા દિલ્હી પોલીસે રોહિણી વિસ્તારમાં એક કારમાંથી ૧.૩ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાનું હેરોઈન ઝડપ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૨ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. જે કારમાંથી ડ્રગ્સ મળી આવ્યું હતું તેમાં મનીષ અને ટિંકુ બે શખ્સ હાજર હતા. થોડી જ વારમાં પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

શ્રદ્ધાંજલિ



સદેહે આપ અમારી સાથે નથી, પરંતુ મધુર સ્મૃતિરૂપે અમ હૈયામાં આપ અમર છો. આપનુ દેવ સમુ વ્યકિતત્વ, સદાય હસતો ચહેરો, ઉદારતા અને આપના પ્રેમ ભર્યા સાનિધ્યમાં અનુભવી હતી. એ હુફ ... એ ઉષ્મા ... આપની સાથે વિતાવ્યો હતો એ સમય, એ જીંદગી ... એ બધુ કેમ વિસરાય પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના.

સ્વ. વિદ્યાબેન
ગંગારામ હરવાણી
સ્વ.તા. 5-8-2022
માજી પ્રમુખશ્રી નગરપાલિકા ગોધરા

લિ.
યાકુબ અ. સલામ બક્કર (તપેલી)
માજી નગર પાલિકા સભ્ય ગોધરા.
ગોંદરા નદીપાર ગોધરા

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
શક્તિ સખી મંડળ
તરફથી અભીનંદન....
મુ. પીપલોદ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાઠવા રમણભાઈ ગમીરભાઈ
તરફથી અભીનંદન....
મુ. વાંદર,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## નાની સરસણ પ્રા.શાળામાં શાળા સ્થાપના દિવસ

# શિક્ષક દિવસ અને વાલી સંમેલનનો કાર્યક્રમ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો

સંતરામપુર,

પ્રાચાર્ય ડો.એ.વી.પટેલ બાવન પા. સમાજના પ્રમુખ બાબુભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તથા પૂર્વ નિવૃત આચાર્યો મદનસિહ રણા, કાળુભાઈ પટેલ, રેવાભાઈ પટેલ ઉપરાંત શિક્ષણવિદ નિવૃત આચાર્ય કે.જી.પટેલ, મિનાક્ષીબેન પટેલ પ્રિન્સિપાલ યુ.આર.પટેલ વિદ્યાલય, સંજયભાઈ પટેલ પ્રિન્સિપાલ ભોમાનંદ વિદ્યાલયની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આ ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ, પગાર કેન્દ્રની શાળાઓના મુ.શિક્ષકો એસ.એમ.સીના સભ્યો, યુવા ટીમ સરસણ, ડેરીના ચેરમેન, સેક્રેટરી તથા વિવિધ સંસ્થાઓના કર્મચારીઓએ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો સફળ બનાવ્યો. બાળકો દ્વારા ઉત્કૃષ્ઠ કૃતિઓ રજૂ થઈ. મનહરભાઈ પંચાલ દ્વારા શાળાને જ્ઞાન પરબ, પક્ષી પરબ ભેટ આપવામાં આવ્યું. જેનું લોકાર્પણ મહાનુભાવોના કર કમળો દ્વારા થયું.

દાતા પંચાલજીનું સન્માન શિક્ષણવિદ શિવાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. પ્રા.શાળાને ભૂમિદાન તથા શાળાને સહયોગ માટે વિનુભાઈ પટેલ તથા રમાબેન ધોબીનું સવિશેષ સન્માન શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવ્યું .

વક્તાઓ દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધનમાં શિક્ષણની ગઈ કાલ..આજ..અને આવતી કાલ ઉપરાંત વાલીઓને શિક્ષણની ભૂખ જગાડવા... બાળકોને નિયમિત શાળાએ મોકલવા... શાળાની અદ્યતન સુવિધાઓ શિક્ષણની નવીન ટેકનોલોજી વિગેરે થી વાકેફ કરવામાં આવ્યા. ઉપસ્થિત મહેમાનો દ્વારા કૃતિઓ તથા શાળાને પુરસ્કૃત કરવામાં આવ્યા.

બાળકો, વાલીઓ, શિક્ષકો, મહેમાનો સહિત ચારસો જેટલી સંખ્યામાં ઉપસ્થિત સૌને શાળા પરિવાર દ્વારા પ્રિતિ ભોજન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીતાબેન પટેલ તથા શિવાભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ સી.આર.સીના સંયુક્ત સહયોગ થી થયું.

યુવા ટીમ મયુર વાળંદ, મુકુન્દ પંચાલ, કિશન શર્મા, જયેશ પંચાલ, મયુર પ્રજાપતિ, કાર્તિક દરજી દ્વારા સ્ટેજ માઈક સંચાલનનો સહયોગ મળ્યો.

ભોજન વ્યવસ્થા દિનેશ પટેલ, મોટીસરસણ મણીભાઈ પ્રજાપતિ નાની સરસણ પીરસણ, આયોજન-વયવસ્થા, સંચાલન જયંતિભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ધરમેન્દ્ર પટેલ તથા અન્ય યુવા ટીમ દ્વારા કરવામાં આવ્યું.

શાળાના આચાર્ય દિનેશચંદ્ર પટેલ, શિક્ષકો સર્વ મનસુખભાઈ બારીઆ, કલ્પેશભાઈ પટેલ, ઉષાબેન પટેલ, પ્રેમિલાબેન પટેલ, ઈન્દિરાબેન પટેલ, દક્ષાબેન અમીન, સંગીતાબેન પટેલ, ભાવનાબેન ડામોર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી. સમગ્ર રીતે સફળતાનો યશ તથા ધન્યવાદ શાળા પરિવારને આપવામાં આવે છે.

# સંતરામપુર નગરમાં અર્બન બેંક ડિરેક્ટરની ચૂંટણી મતગણતરી ત્રણ શાખાની પૂર્ણ થઈ વિજેતાઓને જાહેર કરવામાં આવ્યા

સંતરામપુર,

સંતરામપુર નગરમાં અર્બન બેંક ચૂંટણી યોજવામાં આવેલી હતી. જેમાં સામાન્ય એસ.સી. સ્ત્રી ખેડૂત ચાર અલગ અલગ બેઠકો પર મેનેજિંગ ડિરેક્ટરની ચૂંટણીનું મતગણતરી અર્બન બેંકમાં મત ગણતરી શરૂ કરાઈ હતી. સવારથી મત ગણતરી શરૂ કરતાં રાત્રિના ૧૨:૦૦ વાગ્યા સુધી મત ગણતરી પૂર્ણ થઈ હતી. જેમાં પોતાના ઉમેદવારોને વિજય બનાવવા માટે અને પરિણામ જાણવા માટે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વર્ષોમાં પ્રથમવાર સામાન્ય સીટ ઉપર સાત માંથી બે જ રીપીટ થયા અને પાંચ નવા ચહેરા જ્યારે ખેડૂતમાં અગાઉ પણ અર્બન બેંકમાં ચેરમેન તરીકે રહી ચૂકેલા નરેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ ફરી મતદારોએ વિશ્વાસ મૂકીને ૧૫૯૯ મતથી જંગી જીતાડ્યા હતા. સ્ત્રી સીટમાં પ્રિયંકાબેન ભુપેશભાઈ શાહ ૧૫૭૭ થી વિજય બન્યા અને બીજી વાર રીપીટ થયા. જ્યારે વૈશાલીબેન દિવ્યમકુમાર પંડ્યા ૧૪૯૧ મતથી વિજય થયા હતા. એસ.સી. બેઠક પર શીવાભાઈ પરમાભાઈ વણકર ૧૩૨૬ મત મેળવીને વિજય બન્યા હતા. જ્યારે જીતેન્દ્રકુમાર નટવરલાલ મહેતા ૨૨૯૭ મત મળ્યા, અમરીશકુમાર રતિલાલ પંચાલ ૨૨૫૭, દિલીપકુમાર બદામીલાલ શાહ ૨૦૭૭, શરદ કુમાર વાસુદેવ ઉપાધ્યા ૨૦૩૩, સંતોષકુમાર ગજેન્દ્રપ્રસાદ જોશી ૧૯૮૫, બીપીનકુમાર દરજી ૧૯૪૧, બદામી લાલ ઉર્ફે ગટુભાઈ જીવાભાઈ ચૌહાણ ૧૯૨૬ આ રીતે અર્બન બેંક માંથી મેનેજિંગ ડિરેક્ટરનું પરિણામ જાહેર કરવામાં આવેલું હતું અને સંતરામપુર માલવણ અને ફતેપુરા ત્રણ શાખાનું પરિણામ જાહેર થતા વિજેતા જાહેર કરવામાં આવેલા હતા અને વિજય સરઘસ કાઢવામાં આવેલું હતું.



# સંતરામપુર તાલુકાની કણજરા પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની શાનદાર ઉજવણી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાની કણજરા પ્રાથમિક શાળામાં ૫ મી સપ્ટેમ્બરએ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. શાળામાં ૨૮ વિદ્યાર્થીઓ એ શિક્ષકની ભૂમિકા ભજવી હતી અને ધોરણ ૧થી ૮ માં શૈક્ષણિક કાર્ય સમય પત્રક મુજબ કરવામાં આવ્યું હતું. આચાર્ય તરીકે ધોરણ ૮ની પટેલીયા લક્ષ્મીબેન પર્વતભાઈ એ સેવા આપી હતી અને વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અને વહીવટી કાર્યની જવાબદારી સંભાળી હતી. તેમજ બાળકોને સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો. શાળાના આચાર્ય ઉમેશભાઈ પુવાર એ એક દિવસ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ થી સન્માન કરી પ્રોત્સાહિત કર્યા હતા અને શિક્ષક દિન નિમિત્તે પ્રેરક પ્રવચન આપી વિદ્યાર્થીઓની સેવાને બિરદાવી હતી અને ઈનામો આપ્યા હતા. આ પ્રસંગે SMC સભ્યો,શિક્ષકો અને વાલીઓ એ બાળકોને અભિનદન પાઠવ્યા હતા.

# મહિસાગર જીલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ દર માસના ચોથા ગુરૂવારે કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત તથા ચોથા બુધવારે મામલતદારની કચેરીઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વ્યકિતગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થતો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા તમામ તાલુકા માટે સપ્ટેમ્બર-૨૦૨૨નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૧/૦૯/૨૦૨૨ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૨/૦૯/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે સપ્ટેમ્બર -૨૦૨૨ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓ તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

આ સ્વાગત કાર્યક્રમમાં કલેકટર મહીસાગર વિરપુર તાલુકામાં, જિલ્લા વિકાસ અધિકારી મહીસાગર સંતરામપુર તાલુકામાં, પોલીસ અધિક્ષક મહીસાગર ખાનપુર તાલુકામાં, પ્રાંત અધિકારી લુણાવાડા બાલાસિનોર તાલુકામાં, પ્રાંત અધિકારી સંતરામપુર લુણાવાડા તાલુકામાં તેમજ પ્રાંત અધિકારી બાલાસિનોર કડાણા તાલુકાના લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆત અંગેની અરજી ‘‘મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી’’ તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૦૯/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીને તાલુકા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યકિતગત/અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. તેમ નિવાસી અધિક કલેકટર મહિસાગર-લુણાવાડાની અખબારી યાદીમા જણાવેલ છે.

# લુણાવાડા ગામના શ્રીગણેશ મંડળોના દિવ્ય દર્શન


અષ્ટવિનાયક યુવક મંડળ, લુણાવાડા


ફ્રેન્ડ ગ્રુપ પાચ ફાનસ ટેબા વિસ્તાર, લુણાવાડા



બાપ્પા એક્સલ ગૃપ, લુણાવાડા


ફુવારા યુવક મંડળ, લુણાવાડા


ભોઈ સમાજ ભોઈવાડા ચોક, લુણાવાડા


ઘાટી રાણા યુવક મંડળ, લુણાવાડા

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા



ભોઈવાડા ગોકુલધામ, લુણાવાડા


લીંબાચા ગણેશ યુવક મંડળ, ડારકોલી દરવાજા પાસે, લુણાવાડા


બીગ હનુમાન ગૃપ-ડેપો સામે, લુણાવાડા


નાના ડબગરવાડા, લુણાવાડા


શ્રી ગણેશ યુવક મંડળ, લુણાવાડા


શુભદેવ મંડળ, લુણાવાડા


સોનીવાડ યુવક મંડળ, લુણાવાડા


ઠાકોરવાડ, લુણાવાડા

# આપની આજ.......

મેષ : રોજગાર ક્ષેત્રે પ્રગતિ થશે અને પ્રતિષ્ઠા વધશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકો માટે સમય ફાયદાકારક છે, કુશળતા અને વર્તનથી બધું પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ : પરિવારના સભ્યો સાથે ભવિષ્યની યોજનાઓની ચર્ચા કરશે. જો તમે કોઈ ન્યાયિક બાબતમાં સામેલ છો, તો સંજોગો તમારા પક્ષમાં હશે. વ્યવસાયમાં અણધાર્યા વિક્ષેપને લીધે નફાના માર્જિન પર અસર થઈ શકે છે.

મિથુન : રાજકારણથી સંબંધિત મૂળ લોકોને લાભ થશે અને વિદ્યાર્થીઓ માટે પણ સમય અનુકૂળ છે. વ્યવસાયમાં સમયસર લેવામાં આવેલા નિર્ણયો તમારા માટે ભવિષ્યમાં લાભ મેળવવા માટે અસરકારક સાબિત થઈ શકે છે.

કર્ક : વિદ્યાર્થીઓને ઈચ્છિત ક્ષેત્રમાં શિક્ષણ મેળવવા માટે વધુ મહેનતની જરૂર રહેશે. ખોટી રીતે પૈસા કમાવવાનું ટાળો. ધંધામાં વધુ ઉત્સાહ અને ઉતાવળથી કામ બગડી શકે છે.

સિંહ : વ્યવસાયના ક્ષેત્રમાં મોટું રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. કૌટુંબિક સંપર્કો ફાયદાકારક રહેશે અને તેમની સહાયથી બાકી રહેલા સરકારી કામો પણ પૂર્ણ થશે.

કન્યા : જીવનસાથી સાથે સારો સમય વિતાવશો, પરંતુ માતાના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખો. પારિવારિક અસમાનતા મુશ્કેલીમાં વધારો કરી શકે છે. પારિવારિક સમસ્યાઓ અંગે કોઈ નિર્ણય લેવાનું મુશ્કેલ રહેશે.

તુલા : વ્યસ્તતાની વચ્ચે જીવનસાથીને સમય આપવો એ સંબંધને મજબૂત બનાવશે. રાજકારણથી સંબંધિત લોકોના વર્ચસ્વમાં વધારો થશે. બપોરથી સારા સમાચાર આવતા રહેશે, તેથી જે કાર્ય થવાની અપેક્ષા છે તે કરો.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે વિશેષ સફળતા મળશે અને જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે. પિતાના માર્ગદર્શનથી તમારા બધા અટકેલા કામ પૂરા થશે. પેટ અને આંખના દુ:ખાવાને કારણે આરોગ્ય પર અસર થઈ શકે છે.

ધનુ : માતાપિતાની સેવા કરવાની તક મળશે અને તેમના આશીર્વાદથી અનેક ખરાબ કામો સરળતાથી પૂરા થશે. બાળકોને લગતી કોઈ શુભ માહિતી પ્રાપ્ત કરવાથી ચિંતામાંથી મુક્તિ મળશે.

મકર : પરિવારમાં તમારું માન-સન્માન વધશે અને કોઈ જૂના મિત્રની મુલાકાત ખૂબ ફાયદાકારક રહેશે. ભાઈઓના સહયોગથી ધંધાકીય કાર્યો કરવામાં આવશે અને નફાકારક સાહસ પણ ચલાવવામાં આવશે.

કુંભ : વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઈચ્છિત સફળતા મળશે. રોજગારમાં લાયકાત વિકસાવવાથી લાભ થશે અને આવકમાં પણ વધારો થશે. વ્યવસાય સાથે સંકળાયેલા લોકો વિવિધ ક્ષેત્રોમાં તેમની વિશ્વસનીયતા પ્રાપ્ત કરશે.

મીન : આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વિદ્યાર્થીઓએ ભવિષ્ય વિશે વધુ જાગૃત રહેવાની જરૂર રહેશે. અનૈતિક પ્રવૃત્તિઓથી દૂર રહો નહીં તો સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે. વાહન અને મકાન સંબંધિત સમસ્યાઓ તેમના માથામાં વધારો કરી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# લીમખેડા તાલુકામાં બે માર્ગ અકસ્માતની ઘટનામાં ૫ વર્ષીય બાળકી સહિત બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક ૦૫ વર્ષીય બાળકી મળી બેના મોતને પગલે જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાંચાનું જાણળા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના નાની બાંડીબાર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ સપ્ટેમ્બરના રોજ લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે રહેતો રમણભાઈ સોમાભાઈ નીનામાએ પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી નાની બાંડીબાર ગામેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે નાની બાંડીબાર ગામે રહેતા કનુભાઈ ભાથુભાઈ ચૌહાણની ૦૫ વર્ષીય મૈત્રી ઉર્ફે બન્ટુ બાળકીને રમણભાઈએ પોતાના કબજાની ફોર વ્હીલરથી અડફેટમાં લેતાં મૈત્રીબેનનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કનુભાઈ ભાથુભાઈ ચૌહાણે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ સપ્ટેમ્બરના રોજ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પાલ્લી ગામેથી રોંગ સાઈડે પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી સામેથી મોટરસાઈકલ લઈ આવી રહેલ ધાનપુર તાલુકાના ઘોડાઝર ગામે મુખ્ય નિશાળ ફળિયામાં રહેતાં સીમાભાઈ માનીયાભાઈ મીનામાની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં સીમાભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને હાથે પગે શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર મોટરસાઈકલના ચાલકે પણ પોતાને શરીરે ઈજાઓ પહોંચાડી હતી.

આ સંબંધે ધાનપુર તાલુકાના ઘોડાઝર ગામે મુખ્ય નિશાળ ફળિયામાં રહેતાં કમલેશકુમાર ભોંદુભાઈ મિનામાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા તાલુકાના ગોપાલ માલધારી સેના દ્વારા મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું



ગરબાડા,

ગરબાડા તાલુકાના ગોપાલ માલધારી સેના દ્વારા સરકારી તંત્રની માલધારી સેના પર અત્યાચાર કરવામાં આવ્યું છે. જેમાં સુરતમાં ઢોર પકડવા પાર્ટી દ્વારા ઘરમાં બાંધી રાખેલા પશુઓને એસ.આર.પી. પોલીસ સાથે રાખીને બળજબરી પૂર્વક માલધારીના પશુઓને પશુ ગાડીમાં લઈ ગયા તેમજ માલધારીની બેન- દીકરીઓની પુરૂષ પોલીસ સ્ટાફ દ્વારા બળ પ્રયોગ કરીને મહિલાઓને અટકાયત કરવામાં આવી. જ્યારે આ સુરતમાં અમરોલી ડભોલી રોડ, વેડ રોડ માલધારી દ્વારા પશુઓને રાખવા માટે થયેલ બાંધકામ સુરત મહાનગરપાલિકા દ્વારા કોઈપણ જાણ કર્યા વગર તથા માલધારી પશુઓની વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો જાણ કર્યા વિના પશુવાડા તોડી પાડ્યા છે. જે ગેરવ્યાજબી છે જ્યારે આ ગરબાડા ગામના ગોપાલ માલધારી સેના દ્વારા આવેદનપત્ર ગરબાડા મામલતદારને આપીને મુખ્યમંત્રી સુધી પહોંચાડવામાં આવી. એ જો તેમના સામે કોઈ કાર્યવાહીની કરવામાં નહીં આવે તો ગરબાડા ગામના ગોપાલ માલધારી સેના દ્વારા તેમના સામે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો આંદોલન કરવામાં આવશે તથા સરકારનો બહિષ્કાર કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. જ્યારે ગરબાડા ગામના ગોપાલ માલધારી સેના દ્વારા જણાવવામાં આવ્યું કે, માલધારીઓનું ગાયો ભેંસો પર જ ભરણપોષણ ચાલતું હોય માટે તે તેમને રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવે અને આવી રીતના જાણ કર્યા વગર બારોબાર પશુઓને લઈ જવામાં નહીં આવે તેમ જણાવવામાં આવ્યું હતું.

# દે. બારીયામાં શુક્રવારી પ્લોટમાં હોકર્સ ઝોનની કામગીરી શરૂ કરાઈ




દે.બારીયા,

દેવગઢ બારિયામાં શુક્રવારી પ્લોટમાં હાટ બજાર વર્ષોથી પરંપરાગત રીતે ભરાય છે. આ હાટ બજારમાં કેટલાય વેપારીઓ દ્વારા રોજી મેળવવા માટે લારી-ગલ્લા અને અન ઈવન શેડ બનાવી વેપાર ધંધો કરવામાં આવે છે. આ વેપારીઓ માટે સુવ્યવસ્થિત નિશ્ચિત ફોલ્ડિંગ હોકર ઝોન બનાવવાની કામગીરી નગરપાલિકા દ્વારા ૧ કરોડ ૧૫ લાખના ખર્ચે નવીન થનાર છે. જેનું ખાતમુહૂર્ત આજ રોજ નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મી નીલ સોનીએ કર્યું હતું. આ પ્રસંગે ચીફ ઓફિસર એમ.એલ. વણકર નગરપાલિકા કાઉન્સિલર ઈકબાલ પટેલ, ઈજનેર ભાવિન પરમાર, કેતન રાવલ, કુંજન બામણ, દિનેશ ભરવાડ અનુરાજ પુવાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શુક્રવારી પ્લોટમાં પ્રસ્તાવિત હોકર્સ ઝોનમાં રોડ પર બેસતા વેપારીઓ અને અંદર માર્કેટમાં બેસતા વેપારીઓ માટે રોડ રસ્તા નીચે આરસીસીની વ્યવસ્થા અને ઉપર શેડની વ્યવસ્થા સાથે ફોલ્ડીંગ શેડ બનાવીને નગરપાલિકા દ્વારા આપવામાં આવશે.

જોકે, આ ખાતમુહૂર્ત બાદ આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ નગરપાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે, આ વિકાસનું કામ છે અને વિકાસનું કામ અવિરત પણે ચાલતું રહેશે. જેનાથી દેવગઢ બારિયાના ૨૦૦થી વધુ વેપારીઓને આ શુક્રવારીમાં સ્થાન મળશે. જેથી આ કામગીરી કોઈપણ સંજોગોમાં અટકે નહીં આમ આદમી પાર્ટીના દ્વારા આરટીઆઈ મુજબ પણ માહિતી મંગાવી છે. જે માહિતી પણ નગરપાલિકા નિયમો મુજબ દ્વારા આપવામાં આવશે. દર વર્ષે શુક્રવારી પ્લોટમાં પરંપરાગત રીતે ભરાતા દશેરાના મેળા માટે વેપારીઓએ આ જગ્યા ખાલી કરી આપવાની રહેશે અને ત્યાં દશેરાનો મેળો ભરાશે. આમ નગરમાં શુક્રવારી પ્લોટમાં સુવ્યવસ્થિત ઝોન બનશે. જેનાથી વેપાર-ધંધો પણ વધશે.



ગરબાડા તાલુકાના જેસાવાડા ગામ ખાતે પ્રાથમિક શાળાની સામે આવેલ ચા નાસ્તાની દુકાનમાં અચાનક ગેસની બોટલનું રેગ્યુલર લીકિજ તથા આગ લાગી હતી. આગ લગાવાની જાણ થતા આજુબાજુ દુકાનના તેમજ સ્થાનિક માણસો ભેગા થઈ ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી. જેમાં દુકાનમાં સામાન તેમજ વાયરીંગ નુકશાન થયું હતું.

# ધી સહયોગ બેંક લોન પેટેના ચેક બાઉન્સ થતાં સભાસદને ૧ વર્ષથી કેદની સજા

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ધી સહયોગ કો-ઓ. કે.સો. દાહોદ,ની બેન્કમાં એક સભાસદે રૂા.૨૦,૦૦,૦૦૦ની લોન લીધા બાદ બેન્કને રૂા. ૧૦,૦૦,૦૦૦નો લોન પેટેનો ચેક આપતાં બેન્કે આ ચેકને બેન્કમાં જમા કરાવતાં ચેક બાઉન્સ થયો હતો અને આ મામલે બેન્ક દ્વારા કોર્ટમાં કેસ કરતાં દાહોદની મે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલત દ્વારા સભાસદને કસુરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેજની સથા તથા રૂા. ૧૦,૫૦,૦૦૦નો દંડ ફટકારવાનો હુકમ કરતાં કોર્ટ સંકુલ સહિત દાહોદ શહેર તેમજ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ શહેરના ગોદીરોડ ખાતે રહેતાં નઝમી મહોલ્લા ખાતે રહેતાં અને વેપાર ધંધો કરતાં અક્રમભાઈ રફીકભાઈ કુંજડા દાહોદ શહેરમાં આવેલ ધી સહયોગ કો-ઓ. ક્રેડીટ સોસાયટી બેન્કમાં સભાસદ હતાં. વર્ષ ૨૦૧૫ની સાલમાં અક્રમભાઈએ ઉપરોક્ત બેન્ક પાસેથી રૂા. ૨૦,૦૦,૦૦૦ની લેન નાણાં પેટે લીધાં હતાં. અક્રમભાઈ લોનના પૈસા ભરતા ન હોવાને કારણે તેઓના લોન ખાતામાં રૂા. ૨૪,૧૭,૫૪૮ ની માંગણી બેન્ક દ્વારા અક્રમભાઈ પાસે કરી હતી. ત્યારે અક્રમભાએ લોનની રકમ ભરપાઈ કરી દેવાની બાહેધરી આપી તેઓ પોતાના નામનો બેન્ક ઓફ ઈન્ડિયાના નામનો તારીખ ૧૪.૧૦૨૦૧૯ની તારીખનો ચેક ઉપરોક્ત બેન્કને જમા કરાવ્યો હતો. તારીખ પ્રમાણે બેન્કે આ ચેક જમા કરાવતાં ચેક બાઉન્સ થયો હતો અને તેને સંબંધી ચેકનો રિંટન મેમો સહિત અન્ય કાગળો ઉપરોક્ત બેન્કને મળ્યાં હતા. ત્યારે આ મામલે ધી સહયોગ કો-ઓ. ક્રેડીટ સોસાયટી, દાહોદ દ્વારા કોર્ટના દરવાજા ખટખટાવતાં આ કેસ દાહોદના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી ગયો હતો અને કોર્ટે બંન્ને પક્ષોની દલીલોને ધ્યાનમાં રાખી અને ખાસ કરીને ચેક બાઉન્સ મામલે ગંભીરતા દાખવી કલમ ૧૩૮ મુજબ અક્રમભાઈ રફીકભાઈ કુંજડાને આરોપી ઠેરવી તેઓને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧૦,૫૦,૦૦૦નો દંડ વસુલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# દાહોદના તણછીયા ગામે નવિન ગ્રામ પંચાયત ભવનનું ખાત મુર્હત કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના તણછીયા ગામે નવીન ગ્રામ પંચાયત ભવન ૧૪ લાખના ખર્ચે નિર્માણ થવાના ખાતમુર્હત કાર્યક્રમમાં દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના, પૂર્વ કારોબારી સમિતી ચેરમેન રમણભાઈ ભાભોર, મંગાભાઈ પરમાર, દાહોદ તાલુકા પંચાયત અધિકારી એ.પી.ઓ. જાટવા, જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્ય, સરપંચ ગામના આગેવાન રમસુભાઈ ભાભોર, કમલેશભાઈ પરમાર, મન્નાભાઈ ભાભોર, રમણભાઈ પરમાર, મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા.

# ઝાલોદ નગરના ગીતા મંદિર થી ડોલ અગ્યારસના અવસરે શોભાયાત્રા કાઢવામાં આવી



ઝાલોદ,

કૃષ્ણ જન્માષ્ટમી પછી જે અગ્યારસ આવે છે તેને ડોલ અગ્યારસ અથવા જલ ઝુલની આગ્યારસ તરીકે ઓળખવામાં આવે છે. કૃષ્ણ ભગવાનના જન્મના અઢારમાં દિવસે માતા યશોદા દ્વારા તેમની જળવા (જળ પૂજન ) કરી હતી. તેને કૂવા પૂજન તરીકે પણ ઓળખવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર વરસાદમાં જળાશયોનું પાણી ગંદુ થઇ જાય છે અને ડોલ અગિયારસના દિવસે ભગવાન કૃષ્ણ જળમાં વિહાર કરવા જતા પાણી ચોખ્ખું થતું જાય છે. તેથી વિવિધ મંદિરો માંથી આ દિવસે શોભાયાત્રા કાઢવામાં આવે છે.

ડોલ અગ્યારસના દિવસે ઝાલોદ નગરના ગીતા મંદિર ખાતે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી. ત્યાર બાદ ગીતા મંદિરે થી ભગવાન કૃષ્ણને સજાવી નગરના માર્ગો પર થી ભજન ગાતા શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં મોટાં પ્રમાણમાં લોકો જોડાયા હતા. શોભાયાત્રા નગરના વિવિધ માર્ગો પર ફરી તળાવ પર પહોંચી પૂજા-અર્ચના-આરતી કરવામાં આવી હતી અને ત્યાર બાદ સહુ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

# ઝાલોદના લીમડી નગરનાં પોલીસને નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી

દાહોદ,

દેવગઢ બારિયા અને વાઘોડિયા પો.સ્ટેશનના પ્રોહી.ના ગુનામાં અઢી વર્ષથી નાસતા આરોપી પકડાયો. લીમડી પોલિસ સ્ટેશન વિસ્તારના પીએસઆઈ એમ.એલ.ડામોર તેમજ તેમના સ્ટાફના પોલીસ લીમડી નગરમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે બાતમીના આધારે લીમડી પોલીસ દ્વારા દેવગઢ બારિયા તથા વાઘોડિયા પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુન્હામાં છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા આરોપી હરીશભાઈ કૈલાશભાઈ ગડરીયાને તેના ઘરે થી ઝડપી પાડ્યો હતો અને તેના સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ, લીમડી પોલીસને પ્રોહીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



# દાહોદમાં વારંવાર સર્જાતા BSNLના નેટવર્કના ધાંધિયાથી લોકો પરેશાન બન્યા

દાહોદ,

એક તરફ સરકાર ઈ-ધરા, બેન્કીંગ સહિતની બધી યોજનાઓ કે અભ્યાસ જેવી બાબતો માટે ઓનલાઈનનો આગ્રહ રાખે છે. ત્યારે હવે જીવનજરૂરી બની ગયેલ નેટવર્ક ખોરવાતાં ખૂબ હાલાકી પડી રહી છે.

આ નેટવર્કના અધિકારીઓ સાથે વાતચીત કરતાં દાહોદમાં ચાલતી સ્માર્ટ સીટીની વિવિધ કાર્યવાહી અંતર્ગત થતાં ખોદકામથી આ નેટવર્કના કેબલ કપાઈ જતા હોવાનું જણાવાય છે. ત્યારે વારંવાર આ એક જ નેટવર્ક ખોરવાઈ જાય છે. તો ઈન્ટરનેટની સુવિધા આપતી અન્ય ખાનગી કંપનીઓના નેટવર્ક કેમ નથી ખોરવાતા? અથવા તેવી ખાનગી કંપનીઓની સાથેની સાંઠગાંઠથી તો આ નેટવર્કના કર્મીઓ દ્વારા જાણીજોઈને નથી કરાતું કે કેમ તેની તપાસ થવી ઘટે.

છેલ્લા એક સપ્તાહથી કેબલ કપાઈ ગયાનો આલાપ છેડાય છે. ત્યારે આ કામગીરી સત્વરે યુદ્ધના ધોરણે કેમ નથી કરાતી તે પણ વિચારવા જેવું છે. નેટવર્ક પ્રોવાઈડર કંપનીઓ દ્વારા અવધિ સમાપ્ત થતાં જ નેટવર્ક બંધ કરી દેવાય છે. ત્યારે મોંઘાદાટ ભાવનું નેટવર્ક બંધ રહે તો જે તે ધારકોને તેનું વળતર અપાશે કે કેમ? તેવી પણ ચર્ચાઓ દાહોદવાસીઓમાં ઉઠવા પામી છે.

# દે.બારીઆના સીંગેડી ગામે ૧૮ વર્ષીય યુવતિએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સીંગેડી ગામે એક ૧૮ વર્ષીય યુવતીએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા. ૦૫મી સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆ તાલુકાના સીંગેડી ગામે રહેતા ૧૮ વર્ષીય પુષ્પાબેન ગોકળભાઈ ધારવાએ અગમ્યકારણોસર મનમાં લાગી આવતાં પોતાના ઘરમાં સરા ઉપર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર દોડી આવેલ પોલીસે મૃતદેહને નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ગોકળભાઈ હીમંતભાઈ ધારવાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા વિધાનસભા સમાવિષ્ટ ગામોમાં TDO દ્વારા ૮૦ વર્ષથી ઉપરના ઉમેદવારોને સન્માન પત્ર એનાયત કર્યા



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા ૧૩૩ વિધાનસભા સમાવિષ્ટ ગામો માં ગરબાડા તાલુકા પંચાયત કચેરીના A ટીડિઓ મહેશભાઈ પટેલ દ્વારા અભલોડ ઉમરીયા ફળિયાના રહેવાસી રોઝ ધનીબેન દેવાભાઈને ગામના વરિષ્ટ નાગરિક તરીકે મતદાન માટે સન્માન પત્ર આપવામા આવ્યું હતું. તેમજ તાલુકાના વિવિધ ગામોમાં ૮૦ વર્ષથી ઉપરના મતદારોને સન્માનિત પત્ર એનાયત કરીને તેઓનો સન્માન કર્યું હતું.

જેમાં આ અવસર લોકશાહીનો અંતર્ગત ૮૦ વર્ષથી ઉપરના મતદારોને તેઓના ઘરે જઈને તેઓને રૂબરૂ મળી અને તેઓને સન્માનિત પત્ર એનાયત કર્યા હતા.



પશુદવાખાના-કતવારા દ્વારા ગામ-કઠલા ખાતે લમ્પી સ્કિન ડિઝીઝના રોગચાળાની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લેતા અગમચેતીના ભાગરૂપે ફળિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પશુપાલકોને લમ્પી સ્કિન ડિઝીઝ અન્વયે સાવચેતીના પગલાં વિશે માહિતગાર કર્યા હતા. સરપંચ બીટટુભાઈ ડામોર તેમજ અન્ય ગ્રામ્ય આગેવાનોની પ્રેરક ઉપસ્થિતીમાં કેમ્પમાં મેડીસીનલ, ડીવર્મિંગ તેમજ વેકસીનેશન અંગેની કામગીરી કરવામાં આવી હતી.

# શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોની મુલાકાત લઈને સન્માનિત કરતાં જીલ્લા ભાજપ મહામંત્રી

દાહોદ,

દાહોદ એપીએમસી ખાતે શીક્ષકોનું સાલ ઓઢાવી, સન્માનપત્ર પુષ્પ ગુચ્છ, આપી સન્માનિત કરવામાં આવ્યા. ગલાલિયાવાડ પ્રાથમિક શાળામાં શિક્ષણ આપતા કુલ ૨૭ શિક્ષક મિત્રોને આજના શિક્ષક દિનની ઉજવણીના દિવસે તેઓની કામગીરી બિરદાવતા તથા દેશનું ભવિષ્ય ઘડતા ગુરૂજીઓને શાળામાં આવીને શિક્ષણ કાર્યને બિરદાવ્યું હતું. આ સમયે તેમની ટીમ દ્વારા શાળાના તમામ શિક્ષકોને બોલપેન, પુષ્પ ગુચ્છ તથા આજે જે કંઈ પણ છીએ એ એમના ગુરૂઓના શિક્ષણના કારણે છે. તેવી વાત કરી હતી. આ શુભેચ્છા મુલાકાત સમયે આદરણીય મુકેશભાઈ એ પોતાના વ્યક્તવ્યમાં શિક્ષક મિત્રોના વિવિધ કામો, સરકારની શૈક્ષણિક યોજનાઓ, બાળકોના સ્વાસ્થ્યને શિક્ષણ અંગેની કામગીરી તથા સેવાકીય પ્રવૃતિઓને બિરદાવતા જણાવ્યું હતું કે ‘‘શિક્ષકો આ દેશનું ભવિષ્ય ઘડનારા છે. આજે જે કંઈ સફળતા પ્રાપ્ત કરી ટોચ પર બેસનારા લોકોના જીવનમાં પણ શિક્ષણને શિક્ષકનું એટલું જ મહત્વ છે. આજના ડિજિટલ યુગમાં શિક્ષણ સુધર્યું છે. તો સાથે શિક્ષક મિત્રોની પણ કામગીરી પ્રત્યેની સર્મપણ ભાવનાને રાષ્ટ્રીય ભાવના ટોચ પર પહોંચ્યું છે.’’ આવનાર દિવસોમાં હજુ પણ આપણો દાહોદ જિલ્લો શિક્ષણ, સ્વાથ્યને માનવ ઘડતરમાં આગળ વધતો રહે એવી અભ્યર્થના સહ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના દાહોદ શહેર ભાજપ પ્રમુખ પ્રશાંત દેસાઈ, ગરબાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ, ઉપ પ્રમુખ નિલકંઠ ઠક્કર, મહામંત્રી નવલભાઈ ભાભોર, દાહોદ તાલુકા બક્ષીપંચ મોરચા પ્રમુખ હિમાંશુ પંચાલ, દાહોદ જિલ્લા મહિલા મોરચા ઉપપ્રમુખ મોનાલીસાબેન સિસોદિયા તથા તાલુકા પંચાયત સભ્ય જશવંતભાઈ સંગાડા એપીએમસી ડિરેક્ટર હિમાંશુ બબેરિયા હાજર રહી સન્માન કરી શુભેચ્છા પાઠવી.

# લીમખેડાના ચીલાકોટા પ્રા.શાળા માંથી તસ્કરોએ ૧૮ હજારના મુદ્દામાલની ચોરી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે એક પ્રાથમીક શાળાને તસ્કરોએ નિશાન બનાવી રૂા. ૧૮,૦૦૦નો મુદ્દામાલ તસ્કરો ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવાં પામી છે.

ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ ચીલાકોટા ગામે આવેલ એક પ્રાથમીક શાળામાં તસ્કરો રાત્રીના સમયે પ્રવેશ કર્યો હતો અને શાળાના બંધ મકાનના રૂમનું તાળુ તોડી અંદરથી માઈલ વિથ સ્પિકર અને એલ.સી.ડી. વિગેરે મળી કુલ રૂા. ૧૮,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં અને લીમખેડા તાલુકાના વડેલા ગામે રહેતાં બુધાભાઈ મગનભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના ભથવાડા ટોલબુથ પાસે ફોર વ્હીલ માંથી ૧.૨૦ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૧,૨૦,૦૮૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર મળી કુલ રૂા. ૪,૨૦,૦૮૦ના મુદ્દામાલ સાથે બે જણાની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. ગત તા.૦૫મી સપ્ટેમ્બરના રોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ભથવાડા ટોલનાકા પાસે નાકાબંધી કરી આવતાં જતાં તમામ વાહનોની તલાસી હાથ ધરી રહી હતી તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે તેને રોકી ગાડીમાં સવાર કુલદીપદાન ભારતદાન ચારણ (રહે. કચ્છ) અને વિજયભાઈ જયંતિભાઈ પટેલ (રહે. મોરબી) બંન્નેની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૨૭૬૦ કિંમત રૂા. ૧,૨૦,૦૮૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૨૦,૦૮૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પીપલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.15

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગણેશ વિર્સજન યાત્રા ભારે બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં પુરી

# ગોધરા શહેરમાં છઠ્ઠા દિવસે ભવ્ય ગણેશ વિર્સજન યાત્રા રાજમાર્ગો ઉપર ફરી






ગોધરા,

ગોધરા શહેરમાં ગણેશ મહોત્સવના છઠ્ઠા દિવસે જીની સ્થાપિત મૂર્તિઓ વિર્સજન માટે ભવ્ય ગણેશ વિર્સજન યાત્રા નિકળી હતી. શહેરના મોટા ગણેશ મંડળો ઢોલ અને ડી.જે.ના તાલે નાચતા-કુદતા ભારે મને બાપાને આવતા વરસે વહેલા પધારવાના વિનવણા કરતા શ્રીજીની સ્થાપિત મૂર્તિને વિર્સજન રામસાગર તળાવમાં કરવામાં આવી.

ગોધરા શહેરમાં ગણેશ મહોત્સવમાં શ્રીજીની મૂર્તિઓની પાંચ દિવસ સુધી સ્થાપના રાખીને છઠ્ઠા દિવસે ગણપતિ બાપાને ભાવભરી વિદાય આપવામાં આવે છે. સોમવારના રોજ શહેરમાં ગણેશ વિર્સજનની ભવ્ય યાત્રા નિકળી હતી. શહેરના મોટાભાગે તમામ મોટા ગણેશ મંડળો વિર્સજન યાત્રામાં જોડાયા હતા. બપોરના ૧ વાગ્યે વિશ્વકર્મા ચોક ખાતેથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વિર્સજન યાત્રા શરૂ કરાઈ હતી. ગણેશ વિર્સજન યાત્રાના પરંપરાગત રૂટ ઉપર થી શ્રીજી ભકતો ડી.જે. અને ઢોલના તાલે ગણપતિ બાપા મોરયા અગલે બરસ તું જલ્દી આના કોલ સાથે નાચતા કુદતા સ્થાપિત શ્રીજીની મૂતિઓને શહેરના રાજમાર્ગો ઉપર થી ફેરવીને મોડી સાંજે રામસાગર તળાવ ખાતે પહોંચીને સ્થાપિત શ્રીજીની મૂર્તિઓનું વિધીવત રીતે પાણીમાં વિર્સજીત કરવામાં આવી હતી. ગોધરામાં ગણેશ વિર્સજન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પુરી કરવા તંત્ર દ્વારા ભારે મસકત્ત કરવામાં આવી હતી. ચુસ્ત અને ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે રાત્રીના ૧૨ વાગ્યાના સમયે ગણેશ વિર્સજન પુરુ કરવામાં આવ્યું હતું. ગણેશ ભકતો ભારે મને શ્રીજીને વિદાય આપી હતી. બે વર્ષ બાદ યોજાયેલ ગણેશ વિર્સજન યાત્રાને લઈ ભકતોમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

## ગોધરા મારવાડી સમાજ દ્વારા બાબા રામદેવ પીરની નવ દિવસ ઉપાસના બાદ શોભાયાત્રા રાજમાર્ગ ઉપર કાઢવામાં આવી



ગોધરા,

ગોધરામાં સમસ્ત મારવાડી સમાજના લોકો દ્વારા બાબા રામદેવપીરના નોરતાની ભાદરવા સુદ એકમના દિવસે ઉપવાસની શરૂઆત કરવામાં આવે છે અને ભાદરવા સુદ નોમના દિવસે મહાઆરતી તથા ધજા રોહણ કરી ઉપવાસની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. નવ દિવસ સુધી નકોરડા ઉપવાસ કરનાર મારવાડી સમાજ સહિત અન્ય સમાજના લોકો બાબા રામદેવપીરની પૂજા-અર્ચના સાથે ધૂપ કરી ઉપવાસ છોડે છે. ત્યારબાદ સમસ્ત મારવાડી સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા રામદેવપીરના નિજ મંદિરથી ગોધરાના મુખ્ય માર્ગ ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. જેમાં મારવાડી સમાજના લોકો સહિત હજારો ભકતો શોભાયાત્રામાં જોડાય છે.

ગોધરાના બહારપુરા સ્મશાન રોડ ખાતે આવેલ બાબા રામદેવપીરના નિજ મંદિરે સમસ્ત મારવાડી સમાજ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરમાંથી આવેલા અન્ય સમાજના લોકો દ્વારા ધજા ચડાવીને ધન્યતા અનુભવી હતી. ગોધરાના મુખ્ય માર્ગ ઉપર સમસ્ત મારવાડી સમાજના અગ્રણીઓ અને નવ યુવાનો દ્વારા બાબા રામદેવ પીરના જન્મ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મારવાડી સમાજ દ્વારા બહારપુરા સ્મશાન રોડ ખાતે આવેલ બાબા રામદેવપીરના નિજ મંદિર પાસેથી લઈને ગોધરાના મુખ્ય માર્ગ ઉપર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બાબા રામદેવપીરની જન્મ જયંતી નિમિત્તે સમસ્ત મારવાડી સમાજ સહિત અન્ય સમાજના હજારો ભક્તો ઉમટી પડ્યા હતા.

ગોધરાના બહારપુરા સ્મશાન રોડ ખાતે આવેલ બાબા રામદેવપીરના નિજ મંદિરથી નિકળી શોભાયાત્રા ગોધરા સિવિલ લાઈસન્સ રોડ પાંજરા પોળ પટેલવાડા હોળી ચકલા થઈ જહુરપુરા શાકમાર્કેટ ખાતે રામદેવપીરના મંદિરે ધ્વજારોહણ કરી શોભાયાત્રાનું પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## અમદાવાદ-ગોધરા હાઈવે રોડ વેગનપુર પાસે એમ.પી.ની લકઝરી બસ ટ્રક સાથે અથડાતા ૧૧ મુસાફરોને ઈજાઓ : ૪ વ્યકિતના મોત



ગોધરા,

અમદાવાદ થી ગોધરા હાઈવે રોડ ઉપર વેગનપુર અમરાપુર ગામની સીમ પાસે લકઝરી બસના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોંગ સાઈડે ભરી રહેલ ટ્રકમાં ધડાકાભેર અથવાડી દેતા લકઝરી બસમાં સવાર ૧૧ મુસાફરોને ઈજાઓ પહોંચાડી તેમજ ૪ વ્યકિતનું મોત નિપજાવી લકઝરી ચાલક વાહન છોડી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ થી ગોધરા હાઈવે રોડ ઉપર ૫ સપ્ટેમ્બરના રોજ બપોર ૨ વાગ્યાના અરસામાં લકઝરી બસ નંબર એમપી.૧૧.પી. ૯૯૫ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોંગ સાઈડમાં ઉભેલ ટ્રક નંબર આરજે.૧૭.જીએ.૬૨૭૩ સાથે પાછળના ભાગે ધડાકાભેર અથડાવી હતી. ટ્રક સાથે મુસાફરો ભરે લકઝરી બસ અથડાતા બસમાં સવાર ૧૧ મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે ૪ મુસાફરો નિશાનબેન કાળુભાઈ ડામોર ઉ.વ.૨૫, લક્ષ્મીબેન કાળુભાઈ ડામોર ઉ.વ.૨ (રહે. લાબરીયા, એમ.પી.), અનિતાબેન દિનેશભાઈ પણદા, સાવન દિનેશભાઈ પણદા ઉ.વ.૧૪ને ગંભીર ઈજાઓ થતાં કરૂણ મોત નિપજાવા પામ્યા હતા. અકસ્માતની ઘટના બાદ લકઝરી બસનો ચાલક સ્થળ ઉપર થી નાશી છુટીયો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# શક્તિપીઠ બહુચરાજી મંદિરના શિખરને ૫૬ ફૂટ ઊંચે લઈ જવાનો નિર્ણય કરાયો

### બહુચરાજી માતાજી સવાર અને સાંજની આરતી વેબસાઈટ દ્વારા ઓનલાઈન બતાવવામાં આવશે.



મહેસાણા,

ઉત્તર ગુજરાતમાં આવેલ શક્તિપીઠ બહુચરાજી મંદિરના વિકાસ માટે મોટો નિર્ણય લેવાયો છે. શક્તિપીઠ બહુચરાજી ટ્રસ્ટની ડેવલોપમેન્ટ ઓફ બેચરાજી ટેમ્પલ માટેની મીટીંગ મહેસાણા કલેક્ટર ઓફિસ ખાતે મળી હતી. જેમાં મુખ્ય મંદિરના શિખરની ઊંચાઈનો વિવાદ દૂર કરાયો છે. સાથે જ મંદિરને નવેસરથી રિડેવલપ કરી શિખરને ૫૬ ફૂટની ઊંચાઈએ લઈ જવામાં આવશે તેવુ નક્કી કરાયું છે. તેમજ બહુચરાજી શક્તિપીઠના મંદિર પરિસરને 'બી' કેટેગરીમાંથી 'એ' કેટેગરી એટલે કે અંબાજી અને સોમનાથ મંદિરની કેટેગરીમાં રૂપાંતર કરવામાં આવશે.

શક્તિપીઠ બહુચરાજી ટ્રસ્ટની ડેવલોપમેન્ટ ઓફ બેચરાજી ટેમ્પલ માટેની મીટીંગ મહેસાણા કલેક્ટર ઓફિસ ખાતે મળી હતી. જેમાં મંદિરની ઉંચાઈ વધારવા અંગે અંતિમ નિર્ણય લેવાયો છે. મંદિરને નવેસરથી રિડેવલપ કરી શિખરને ૫૬ ફૂટની ઊંચાઈએ લઈ જવામાં આવશે તેવુ નક્કી કરાયું છે. આ સિવાય અન્ય મહત્વના નિર્ણયો પણ લેવાયા.

આ બેઠકમાં નીચે પ્રમાણેના નિર્ણયો લેવાયા છે જેમાં મુખ્ય મંદિર પરિસર ભોજનશાળા યજ્ઞશાળા માનસરોવર તળાવ તથા રેસ્ટ હાઉસ અને પરિસરની આજુબાજુનો તમામ વિસ્તાર અંબાજી મંદિરના ધોરણે ડેવલપ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે,ટૂંક સમયમાં તેની કામગીરી શરૂ થશે ટ્રસ્ટ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ,મંદિર પરિસરમાં એલઈડી સ્ક્રીન લગાવવામાં આવશે તેમજ આદ્યશક્તિ બહુચરાજી માતાજી સવાર અને સાંજની આરતી વેબસાઈટ દ્વારા ઓનલાઈન બતાવવામાં આવશે. જેથી દેશ તથા વિદેશમાં રહેતા મારી ભક્તોને દર્શનનો અને આરતીનો લાભ મળી શકે,મા શક્તિની પૂજા અર્ચનાનો નવરાત્રિનો ઉત્સવ ધામધૂમથી રંગે ચંગે માતાજીના પરિસરમાં ઉજવવામાં આવશે,વૃદ્ધ અશક્ત અને દિવ્યાંગ ભક્તો માટે વ્હીલચેર અને લિફ્ટની વ્યવસ્થા કરવામાં આવશે, દર્શનમાં પણ તેમને અગ્રીમતા આપવામાં આવશે,મંદિરની નજીક આવેલ બધેલીયા તળાવ નું બ્યુટીફિકેશન કરી ડેવલપ કરવામાં આવશે. તેમજ મંદિરની આસપાસના વિસ્તારમાં પણ સુધારા કરવામાં આવશે,મંદિરની ફરતે આવેલ કિલ્લાને દિવાલને નવેસરથી ઓપ આપીને હેરિટેજ લુક આપવામાં આવશે,યજ્ઞશાળા તથા મંદિર પરિસરમાં આવેલ નાના મોટા મંદિરોને પણ સુધારા વધારા કરી નવીનીકરણ કરવામાં આવશે,પ્રસાદ માટે અલગ અલગ કેટેગરી અને બોક્સની વ્યવસ્થા કરવામાં આવશે તેમજ માતાજીના મંદિરમાં માતાજીને ચઢાવવામાં આવેલી સાડી દાતા ભાવિક ભક્તોની પ્રસાદી સ્વરૂપે આપવા માટે અલગ પેકેજ કરવામાં આવશે

તમામ ટ્રસ્ટીઓએ ઉપરોક્ત નિર્ણયો સર્વાનુંમતે દેવસ્થાનના વિકાસ માટે લીધા હતા, અને સહમતી આપી હતી. જેમાં મંદિરના ટ્રસ્ટી અને ચેરમેન કલેક્ટર મહેસાણા ઉદીપ અગ્રવાલ ટ્રસ્ટી યજ્ઞેશભાઈ દવે ટ્રસ્ટી બલવંતસિંહ રાજપુત જયશ્રીબેન પટેલ અને અન્ય મહાનુભવોની હાજરીમાં બહુચરાજી ટેમ્પલ ડેવલોપમેન્ટ માટે મોટા નિર્ણયો લેવાયા છે. આ બેઠકમાં મહેસાણા ડીએસપી પ્રાંત કડી સહિત અન્ય ટ્રસ્ટીઓ પણ જોડાયા હતા.

## અમૂલ ડેરીના વાઈસ ચેરમેનની ચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્ર પરમારનો વિજય

ખેડા,

અમૂલ ડેરીના વાઈસ ચેરમેનની ચૂંટણીની મતગણતરી આજે હાથ ધરવામાં આવી હતી. હવે અમુલ ડેરીના વાઈસ ચેરમેન પદે કોંગ્રેસના ધારાસભ્યા રાજેન્દ્ર પરમારનો વિજય થયો છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૦માં અમુલમાં સરકાર દ્વારા મુકાયેલા સરકારી પ્રતિનિધિઓના મતના વિવાદ બાદ કાનૂની કાર્યવાહીને કારણે મત ગણતરી સ્થગિત કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના નિર્ણય બાદ હવે સ્થગિત કરાયેલી મત ગણતરી કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, રાજેન્દ્રસિંહ પરમારને ૯ મત મળ્યા છે. જ્યારે રાજેશ પાઠકને ૬ મત મળ્યા છે. જેથી રાજેન્દ્રસિંહ પરમારનો ૩ મતે વિજય થયો છે. છેલ્લી ત્રણ ટર્મથી વાઈસ ચેરમેન પદે રાજેન્દ્રસિંહ પરમાર ચૂંટાઈ રહ્યા છે. ૨૦૨૦માં ચેરમેન વાઈસ ચેરમેન પદની ચૂંટણી યોજાઈ હતી. સરકારી પ્રતિનિધિની નિમણૂકથી મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. આણંદ અમૂલની વર્ષ ૨૦૨૦માં યોજાયેલ સામાન્ય ચૂંટણી બાદ સરકારે અમૂલના વહીવટી માળખામાં ત્રણ સરકારી પ્રતિનિધિની નિમણૂંક કરી હતી.જેને લઈ કાયદાકીય વિવાદ ઉભો થયો હતો .જોકે લાંબી લડાઈ બાદ હાઈકોર્ટે સરકારે નિમણૂંક કરાયેલા ત્રણેય પ્રતિનિધિનું પ્રતિનિધિત્વ રદ કરી નાંખ્યું છે અને તેમણે વાઈસ ચેરમેનની ચૂંટણી માટે આપેલા મત સિવાય ચૂંટાયેલા સભ્યોએ આપેલા મતની ગણતરી કરવા આદેશ કર્યો છે.

## કલા મહાકુંભ ૨૦૨૨માં બોરૂ પ્રાથમિક શાળાના સ્પર્ધકોની રાસ વિભાગમાં હેટ્રિક



ગોધરા,

ગુજરાત રાજય યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ સંચાલિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી પંચમહાલ દ્વારા આયોજિત કલા મહાકુંભ ૨૦૨૨ જિલ્લા કક્ષાની સ્પર્ધા કલરવ સ્કુલ ગોધરા, પંચમહાલ મુકામે કરવામાં આવેલ. આચાર્ય ગૌરાંગ જોશીની પ્રેરણા અને કાજલબેન બારોટના માર્ગદર્શન હેઠળ જુદા જુદા બે વિભાગોમાં ૧૯ જેટલા બાળકોએ ભાગ લીધેલ હતો. જેમાં રાસ-ગરબા વિભાગમાં સ્પર્ધકો એ અમે મૈયારા કંસ રાજાના કૃતિ રજુ કરી પ્રથમ ક્રમની સિધ્ધિ હાંસલ કરી સતત ત્રીજી વખત વિજેતા બની હેટ્રિક મેળવતા સ્પર્ધકો અને વાલીગણમાં ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ સર્જાયું હતું. તેમજ શાળાની બીજી ટીમના સ્પર્ધકોએ લગ્ન ગીત વિભાગમાં તૃતીય નંબર મેળવતા સમગ્ર શાળા પરિવાર તરફથી વિજેતાઓને અભિનંદન આપવામાં આવ્યા હતાં. શાળાના તમામ બાળકો થકી તમામ વિજેતા ટીમના સભ્યોનું સન્માન કરવામા આવેલ. વિજેતા સ્પર્ધકો આગામી ઝોન કક્ષાની સ્પર્ધામાં સતત ત્રીજી વખત ઉત્કૃષ્ટ દેખાવ કરે તે માટે તેઓના વાલીગણ અને એસએમસી સભ્યો એ શુભકામનાઓ પાઠવી હતી.

## ઝાલોદ વાલ્મીકિ સમાજ અને વિશ્વ હિન્દુ પરિષદની મૂર્તિનું રામસાગર તળાવમાં વાજતે ગાજતે વિસર્જન



ઝાલોદ,

ઝાલોદ નગરમાં આજે આઠમા દિવસે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સાંજે ૫ વાગે આરતી કરીને ગણપતિ બાપ્પાને શણગારેલા ટ્રેક્ટરમાં બેસાડયા હતા. ત્યાર બાદ ડી.જે.ના ભજનના તાલે ગણપતિ બાપ્પાના રથને નગર યાત્રા કરાવવામાં આવી હતી. અબીલ ગુલાલની છોળો ઉડાડતાં ગણપતિ બાપા મોરિયાના ગગન ભેદી નારા સાથે આખું વાતાવરણ ભકિતમય બનાવી દીધું હતું. ગણપતિ બાપ્પાને વિદાય આપવા માટે ખૂબ મોટા પ્રમાણમાં લોકો આવેલ હતા.

ઝાલોદ રામસાગર તળાવ પાસે પહોંચતા ત્યાં ભક્તો ડીજેના તાલે ગરબા પણ રમવામાં આવ્યા હતા. રામસાગર તળાવ પર ઘરે ઘરે ગણપતિ સ્થાપનાર લોકો પણ સાથે જોડાયેલ હતા. અંદાજીત ૫૦ જેટલી મૂર્તિઓની રામસાગર તળાવ ખાતે આરતી કરવામાં આવી હતી. આરતીનો લ્હાવો ઉપસ્થિત પોલિસ સ્ટાફના લોકોએ પણ લીધો હતો. ત્યાર બાદ એક એક કરી રામસાગર તળાવ ખાતે મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણપતિ બાપાને વિદાય આપતા અમુક ભાવિક ભકતોના આંખોમાં આંસુ પણ આવી ગયા હતા. છેલ્લે ભક્તોએ ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તું જલ્દી આ સાથે ભકતોએ પણ રામસાગર તળાવ ખાતેથી વિદાય લીધી હતી. આખા રસ્તા અને રામસાગર તળાવ ખાતે પોલિસ સ્ટાફની પણ ખુબજ સુંદર પ્રસંશનીય કામગીરી રહી હતી.

## વેજલપુર ગામમાં ગણેશ યાત્રા કાઢી મહીસાગર તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામના વિવિધ વિસ્તારના ગણેશજીની ડી.જે. સાથે રેલી કાઢવામાં આવી. આખા ગામમાં મેન બજાર, હોળી ચકલા, કાછીયાવાડ થઈ મહીસાગર તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું અને યાત્રા આખા ગામના લોકો જોડાયા હતા અને ડી.જે.ના તાલે વેજલપુર પોલીસના લોખંડી બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ વિસર્જન કર્યું હતું.